# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 08-05-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર રિધ્ધિ ઉંધાડ વાંચે છે.

**************************************************

1) તંત્ર અને નાગરિકોના સંયુક્ત પ્રયાસોના ઉપક્રમે દેશભરમાં મોકડ્રિલ યોજાઇ.

2) ઓપરેશન સિંદૂર અંગેની રજેરજની માહિતી આપવા માટે કેન્દ્ર સરકારે આજે સર્વપક્ષીય બેઠક બોલાવી.

3) ભારત અને પાકિસ્તાન તણવા વચ્ચે ઇરાનના વિદેશ મંત્રી ભારતની બે દિવસની મુલાકાતે.

4) હવાઇ સેવાઓ સ્થગિત કરાતા લદાખમાં ફસાયેલા પ્રવાસીઓ માટે રહેવાની નિઃશુલ્ક વ્યવસ્થા કરાઇ. સંરક્ષણ સ્ટાફ માટે ઇન્ડિયન એરલાઇન્સે રિફંડની જાહેરાત કરી.

5) ગુજરાત સહિત અનેક રાજ્યોમાં ભારે વરસાદ અને વાવાઝોડાની આગાહી.

6) ખેલો ઇન્ડિયામાં મહારાષ્ટ્રના ખેલાડીઓનો 44 મેડલ સાથે દબદબો.

..........................................................................

હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# MOCK DRILL

ભારતનાં હવાઇ હૂમલા બાદ પાકિસ્તાન સાથે વધતી જતી તંગદિલીને પગલે ગઈ કાલે દેશભરમાં મોક ડ્રિલનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું. સાંજે ચાર વાગ્યાથી શરુ થયેલા આ અભ્યાસમાં હવાઈ હૂમલા અને અંધારપટ જેવી ઘટનાઓ દરમિયાન નાગરિકો અને સંરક્ષણ દળોની સજ્જતાની સમીક્ષા કરવામાં આવી.

રાજધાની દિલ્હીમાં નોર્થ બ્લોક, સાઉથ બ્લોક, રાષ્ટ્રપતિ ભવન, સંસદ ભવન અને ઇન્ડિયા ગેટની લાઇટ બંધ કરવામાં આવી.

કેન્દ્રીય ગૃહ મંત્રાલયના નિર્દેશથી યોજાયેલી મોક ડ્રિલનો હેતુ દુશ્મન દેશ દ્વારા હવાઈ અને ડ્રોન હૂમલા જેવી કટોકટીની સ્થિતિમાં નાગરિકોને જાગૃત કરવાનો અને વહીવટીતંત્રની તત્પરતાનું આકલન કરવાનો છે.

# ALL PARTY MEET

ઓપરેશન સિંદૂરના પગલે સરકારે આજે નવી દિલ્હીમાં સર્વપક્ષીય બેઠક બોલાવી છે. બેઠક દરમિયાન, વિવિધ રાજકીય પક્ષોના નેતાઓને સરકાર દ્વારા ઓપરેશન અંગે માહિતી આપવામાં આવશે. પક્ષીય રેખાઓથી આગળ વધીને નેતાઓએ ઓપરેશન સિંદૂરની પ્રશંસા કરી છે અને આતંકવાદીઓ સામે સશસ્ત્ર દળોની કાર્યવાહી પર ગર્વ વ્યક્ત કર્યો છે.

# IRAN FM VISIT

ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા તણાવ વચ્ચે ઈરાનના વિદેશ મંત્રી ડૉ. અબ્બાસ અરાઘચી બે દિવસની મુલાકાતે નવી દિલ્હી પહોંચ્યા છે. તેઓ ભારત અને ઈરાન વચ્ચે 20મી સંયુક્ત કમિશન બેઠકની સહ-અધ્યક્ષતા કરશે. ગયા વર્ષે ઓગસ્ટમાં ઈરાનના વિદેશ મંત્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યા પછી ડૉ. અરાઘચીની આ ભારતની પહેલી મુલાકાત છે.

વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, ભારત-ઈરાન મિત્રતા સંધિ પર હસ્તાક્ષરની 75મી વર્ષગાંઠ નિમિત્તે સંયુક્ત કમિશન બેઠક યોજાઈ રહી છે. બેઠકમાં બંને દેશો વચ્ચે પરસ્પર હિતના મુદ્દાઓ અને દ્વિપક્ષીય સંબંધોને મજબૂત બનાવવા માટે આગળ વધવાની રીતોની સમીક્ષા કરવામાં આવશે.

# LADAKH TOURISTS

લદ્દાખમાં ફસાયેલા પ્રવાસી માટે નિઃશુલ્ક રહેવાની સગવડ કરવામાં આવી છે. ઓપરેશન સિંદૂર પછી લેહ એરપોર્ટ બંધ થવાને કારણે ઉડ્ડયન રદ થતાં અનેક પ્રવાસીઓ લદ્દાખમાં ફસાયા છે. પ્રવાસીઓ હોટલ અથવા ગેસ્ટ હાઉસમાં ઉતર્યા હોય તેમના માટે ઓલ લદ્દાખ હોટેલ એન્ડ ગેસ્ટ હાઉસ એસોસિએશન તરફથી આ સુવિધા અપાઇ રહી છે.

# AIR INDIA REFUND

ભારતના સશસ્ત્ર દળોને સમર્થન આપવાના મજબૂત સંકેત તરીકે, એર ઇન્ડિયા અને એર ઇન્ડિયા એક્સપ્રેસે બુકિંગ કરાવનારા સંરક્ષણ કર્મચારીઓ માટે ટિકિટનું મફત રિશેડ્યુલિંગ અથવા રદ કરવા પર સંપૂર્ણ રિફંડ ઓફર કરી છે. ટાટાની માલિકીની એરલાઇને જણાવ્યું હતું કે આ મહિનાની 31મી તારીખ સુધી એર ઇન્ડિયા અને એર ઇન્ડિયા એક્સપ્રેસ ફ્લાઇટ્સ પર સંરક્ષણ કર્મચારીઓ રદ કરવાના કિસ્સામાં સંપૂર્ણ રિફંડ મેળવવા માટે પાત્ર રહેશે. વધુમાં, 30 જૂન, 2025 સુધી મુસાફરીમાં ફેરફાર માટે એક વખતની રિશેડ્યુલિંગ માફી ઉપલબ્ધ રહેશે. એરલાઇને જણાવ્યું હતું કે આ પગલું સશસ્ત્ર દળોની નિઃસ્વાર્થ સેવા અને ફરજ પ્રતિબદ્ધતાઓને સમર્થન આપવા લેવામાં આવ્યું છે.

# US VICE PREZ-EUROPE

અમેરિકાના ઉપ-રાષ્ટ્રપતિ જે. ડી. વેન્સે યુરોપને સંરક્ષણની વધુ જવાબદારી લેવા પર ભાર મૂક્યો છે. તેમણે કહ્યું હતું કે, યુરોપ અને અમેરિકા બંને સલામતીની જવાબદારીનું વહન કરતા હતાં, પરંતુ વર્તમાન સ્થિતિ જોતાં આગામી વીસ વર્ષના પડકારોને પહોંચી વળવા એટલાન્ટિકની બંને બાજુએ સલામતીની કડક વ્યવસ્થાની જરૂર છે અને આ માટે યુરોપે આ જવાબદારી સ્વીકારવાની જરૂરિયાત હોવાની વાતનો રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની માન્યતાનો તેમણે આ કાર્યક્રમમાં પુનરોચ્ચાર કર્યો હતો.

# UN LWMAKER BACKS INDIA

અમેરિકાના ડેમોક્રેટિક પાર્ટીના બે સાંસદો કૃષ્ણમૂર્તિ અને થાનેદારે ભારતે આતંકવાદીઓ સામે કરેલી કાર્યવાહીને ટેકો જાહેર કર્યો છે.

ભારતીય મૂળના રાજા કૃષ્ણમૂર્તિએ પહેલગામમાં થયેલા ભયાનક આતંકવાદી હુમલાને પગલે, આતંકવાદનો સામનો કરવાની અને ભવિષ્યમાં થતી હિંસા અટકાવવાની જરૂરિયાતને યોગ્ય ઠેરવી હતી. જ્યારે બીજા ભારતીય મૂળના સાંસદ શ્રી થાનેદારે કહ્યું કે, આતંકવાદને સહન કરી શકાતો નથી, અને તે જવાબ આપ્યા વિના રહી શકતો નથી. થાનેદારે ઉમેર્યું હતું કે, ભારતને તેના લોકોનો બચાવ કરવાનો અધિકાર છે.

# NIA- PAHALGAM

રાષ્ટ્રીય તપાસ સંસ્થા NIA-એ પહેલગામ આતંકવાદી હુમલા સંબંધિત માહિતી, તસવીરો અથવા વીડિયો હોય તો તે તાત્કાલિક મોકલવા પ્રવાસીઓ અને સ્થાનિક લોકોને અપીલ કરી છે. NIA એ જણાવ્યું કે, પ્રવાસીઓ સંસ્થાનો મોબાઇલ નંબર 96 54 95 88 16 અથવા લેનલાઇન નંબર - 011 24 36 88 00 પર ફોન કરી માહિતી આપી શકે છે.

NIA એ જણાવ્યું હતું કે, તેણે હુમલાના વિવિધ પાસાઓ દર્શાવતા મોટી સંખ્યામાં તસવીરો અને વીડિયો કબજે કર્યા છે અને તેની તપાસ કરી રહી છે. પ્રવાસીઓ અને અન્ય લોકોએ જાણતાં-અજાણતાં કેટલીક સંબંધિત વિગતો જોઈ, સાંભળી અથવા ક્લિક કરી હશે, જે હુમલા પાછળના ષડયંત્રનો પર્દાફાશ કરવામાં મદદ કરી શકે છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

**ગોન્ગ મ્યુઝીક**

. . . . . . . . . . . . . .

# WEATHER

**ભારતીય હવામાન વિભાગ (IMD) એ આગામી ચાર-પાંચ દિવસ દરમિયાન દેશના પૂર્વ, પશ્ચિમ, મધ્ય અને ઉત્તરપૂર્વીય વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. IMD એ જણાવ્યું હતું કે, 11 મે સુધી મહારાષ્ટ્ર, ગુજરાત, મધ્યપ્રદેશ, વિદર્ભ, છત્તીસગઢમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. આ સાથે જ આજે ગુજરાતમાં ભારે વરસાદ અને ઉત્તરાખંડમાં કરા પડવાની આગાહી કરવામાં આવી છે.**

**આગામી 5 દિવસ દરમિયાન ઉપ-હિમાલયી પશ્ચિમ બંગાળ, સિક્કિમ, ગંગાત્મક પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર અને ઝારખંડના કેટલાક ભાગોમાં ગરમીનું મોજું રહેવાની સંભાવના છે.**

# BOARD RESULT

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-10 અને સંસ્કૃત પ્રથમાની પરીક્ષાનું પરિણામ આજે જાહેર કરવામાં આવશે. ધો.10ની પરીક્ષામાં કુલ આઠ લાખ 93 હજાર જેટલા વિદ્યાર્થીઓ નોંધાયા હતા.

સત્તાવાર યાદીમાં જણાવ્યા અનુસાર આજે સવારે આઠ કલાકે પરિણામ જાહેર કરવામાં આવશે. વિદ્યાર્થીઓ બોર્ડની વેબસાઇટ www.gseb.org પર પોતાનો બેઠક ક્રમાંક લખી પરિણામ જોઈ શકશે. આ ઉપરાંત વોટ્સએપ નંબર 6357300971 પર પણ પોતાનો બેઠક ક્રમાંક મોકલીને પરિણામ મેળવી શકશે.

# KHELO INDIA-BIHAR

ખેલો ઇન્ડિયા યુથ ગેમ્સમાં, મહારાષ્ટ્ર 16 ગોલ્ડ સહિત 44 મેડલ સાથે મેડલ ટેલીમાં ટોચના સ્થાને છે. રાજ્યએ 14 સિલ્વર અને 14 બ્રોન્ઝ ઉમેર્યા છે. નવ ગોલ્ડ સહિત 16 મેડલ સાથે રાજસ્થાન બીજા સ્થાને છે, ત્યારબાદ કર્ણાટકે આઠ ગોલ્ડ અને કુલ 23 મેડલ મેળવ્યા છે.

ખેલો ઇન્ડિયા યુથ ગેમ્સનો આજે પાંચમો દિવસ છે. સેપક ટકરા, જુડો, ટેબલ ટેનિસ, સ્વિમિંગ અને શૂટિંગ સહિત અનેક ઇવેન્ટ્સમાં મેડલ માટે આજે ખરાખરીનો જંગ ખેલાશે.

# IPL-CRICKET

IPL ટી-20 ક્રિકેટમાં ચેન્નાઈ સુપર કિંગ્સે ગઇકાલે રાત્રે કોલકાતાના ઈડન ગાર્ડન્સ ખાતે કોલકાતા નાઈટ રાઈડર્સને બે વિકેટે હરાવ્યું હતું. પહેલા બેટિંગ કરતા કોલકાતા નાઈટ રાઈડર્સે 180 રનનો લક્ષ્યાંક આપ્યો હતો. ચેન્નાઈ સુપર કિંગ્સે 8 વિકેટ ગુમાવીને 183 રન બનાવીને લક્ષ્ય પાર કર્યું હતું. આજે પંજાબ કિંગ્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે ધર્મશાળામાં મૂકાબલો થશે.

# BADMINTON-TAIPEI OPEN

બેડમિન્ટનમાં, ભારતીય શટલરોએ તાઇપેઈ ઓપન સુપર 300માં તેમના અભિયાનની મજબૂત શરૂઆત કરી હતી, જેમાં પુરુષ સિંગલ્સમાં, કિદાંબી શ્રીકાંતે પ્રથમ રાઉન્ડમાં તેના સાથી ભારતીય શંકર સુબ્રમણ્યનને હરાવ્યા હતા.

આજે બીજા રાઉન્ડમાં, શ્રીકાંતનો સામનો તેના દેશબંધુ આયુષ શેટ્ટી સાથે થશે, જેમણે ચાઇનીઝ તાઈપેઈના ત્રીજા ક્રમાંકિત લી ચિયા હાઓ પર જીત મેળવી હતી. અન્ય મેચોમાં, તરુણ માનેપલ્લીએ 70 મિનિટની મુશ્કેલ મૂકાબલામાં જાપાનના શોગો ઓગાવાને હરાવીને 21-17,19-21,21-12 જીતી હતી. તે ઇન્ડોનેશિયાના મોહ સામે રમશે. મહિલા સિંગલ્સમાં, ઉન્નતિ હુડ્ડાએ સાથી ભારતીય અનુપમા ઉપાધ્યાયને હરાવીને બીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો. તે આજે સવારે તાઈપેઈની લિન સિહ યુન સામે ટકરાશે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે હર્ષલ પંડ્યા

1) આજના તમામ અખબારોમાં ભારતીય સેનાએ કરેલા ઓપરેશન સિંદૂરના સમાચાર જોવા મળી રહ્યા છે...

2) ગુજરાત સમાચારનું મુખ્ય શિર્ષક છે સેનાને સલામ: ઓપરેશન સિંદૂર: આતંકીઓનો કચ્ચરઘાણ...જૈશ- તોયબાના વડા મથકો નામશેષ..... અને પાક.નો એલઓસી પર ભારે તોપમારો એક જવાન શહીદ, 13 લોકોનાં મોત...

3) સંદેશ પહેલા પાનાં પર લખે છે કે 25 મિનિટ, 40 મિસાઈલ, 9 ટાર્ગેટ સાફ,,, 15 દિવસમાં જ મોદી ન્યાય....

4) દિવ્ય ભાસ્કરે લખ્યું છે કે વિશ્વએ નિહાળ્યું સિંદૂરનું શૌર્ય....

5) હિન્દી અખબાર રાજસ્થાન પત્રિકાનું મુખ્ય મથાળું છે કંધાર સે પહલગામ તક કા બદલા... પિક્ચર અભી બાકી હૈ...

6) રાજ્ય અને સ્થાનિક સમાચારમાં  અખબારે છેલ્લા પાનાં પર લખ્યું છે કે રાજ્યના 18 જિલ્લાના 74 સ્થળોમાં સિવિલ ડિફેન્સ મોકડ્રિલ યોજાઈ, બ્લેક આઉટમાં જયહિન્દની ગર્જના... પોલીસ અફસરોની રજાઓ રદ, કચ્છ, બનાસકાંઠાની સરહદે એલર્ટ

7) ગુજરાત સમાચાર છેલ્લે પાને લખે છે કે રાજકોટ સહિત ગુજરાતના છ એરપોર્ટ શુક્રવાર સુધી મુસાફરો માટે બંધ....... ગુજરાત બોર્ડના ધોરણ ના 8 લાખ 92 હજાર વિદ્યાર્થીઓનું આજે પરિણામ...

8) નવગુજરાત સમયના છેલ્લા પાનાં પર રાજ્યભરમાં જનતાએ સ્વૈચ્છિક અડધો કલાક અંધારપટ પાળ્યોના સમાચાર વંચાવા મળી રહ્યા  છે... આ સાથે જ અમદાવાદ એરપોર્ટ પર હાઈએલર્ટ.... ત્રણ સિસ્ટમ સક્રિય- આજે પણ ભારે પવન સાથે વરસાદની વકી...એક જ રાતમાં સરેરાશ 3.5 ઈંચ વરસાદ, 118 સ્થળે પાણી ભરાયાં, 5 ભૂવા પડ્યા...જૂનાગઢમાં ગેસલાઈન તૂટતા ભીષણ આગ- માતા-પુત્રી સહિત 3 ભડથું... આ સમાચારો પણ તમામ અખબારોએ પ્રકાશિત કર્યા છે.